પત્નિની હત્યા કરીને પતિએ છરો ખાબોચીયામાં ફેંકી દીધો હતો

આરોપી પતિ બે દિવસના રિમાન્ડ પર લોહીવાળા કપડા અને છરો પોલીસે કબ્જે લીધો

ગાંધીનગર, તા. ૨૫

ખોરજ રેલવે સ્ટેશને મધરાત્રે પત્નિને દગાથી ખુણામાં બોલાવીને છરાના એક પછી એક ૧૧ ઘા ઝીંકીને પતિએ મર્ડર કરી નાખ્યું હતું. ઘરકંકાસથી કંટાળીને મર્ડર કરવાનો પ્લાન ઘડી તેને પાર પાડનાર પતિ અડાલજ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે તેને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે વધુ પુછપરછ માટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે લોહીવાળા કપડા અને હત્યા માટે વપરાયેલો છરો કબ્જે કર્યો છે.

ખોરજમાં રહેતા ભાવેશ સાવલીયા અને તેની પત્નિ વિલાશ વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી માથાકુટ ચાલતી હતી. ઘરકંકાશથી કંટાળી જઈને ભાવેશે વિલાશને મોતને ઘાટ ઉતારી દીધી હતી. મર્ડર કર્યા બાદ કપડા બદલી નાંખીને હત્યામાં વપરાયેલો છરો વરસાદી પાણીના એક ખાબોચિયામાં ફેંકી દીધો હતો. અને દિકરાને લઈને ઘરે ભાગી ગયો હતો.

અડાલજ પોલીસે તેની ધરપકડ કરી ત્યારે પત્નિની હત્યા કર્યાનો સ્હેજ પણ પસ્તાવો તેના મો પર દેખાતો ન હતો. અડાલજ પોલીસ સમક્ષ બિન્દાસ્ત થઈને તેણે પોતાના ગુનાની કબુલાત કરી દીધી હતી. અડાલજ પોલીસે ખાબોચિયામાંથી હત્યા માટે વપરાયેલો છરો અને બાજુની ઝાડીઓમાં ફેંકી દીધેલા લોહીવાળા સર્ટ-પેન્ટ (કપડા) શોધીને કબ્જે લઈ લીધા છે. વધુ પુછપરછ માટે તેને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલું મોખરાનું સ્થાન ધરાવતું ચિલોડા મોટા ખાતે ચિલોડા રેશનીંગની દુકાનમાં ઘણા લાંબા સમય બાદ જૂના રેશનીંગ કાર્ડને બદલે કોમ્પ્યુટરાઈઝ બાર કોડ રેશનીંગ કાર્ડનું વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રેશનીગ કાર્ડધારકોએ પોતાના નવા કાર્ડ મેળવવા ભારે આતુરતા દર્શાવી હતી. આ વિતરણ કાર્યક્રમમાં બારકોડ રેશનીંગ કાર્ડ હોવાથી કાર્ડધારકોના ડાબા હાથનો અંગૂઠો અને આંગળીની નિશાની તથા ફોટો કોમ્પ્યુટરાઈઝેશન પદ્ધતિથી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ રેશનીંગ કાર્ડ કાર્ડધારકોને પ્લાસ્ટીકના કવર સાથે એનાયત કરવામાં આવ્યા હતા. આમ ચિલોડા ખાતે ૭૦૦થી વધુ કાર્ડધારકોએ લાભ લીધોહતો.

એન.કે. સ્કૂલ ઓફ કોમર્સનો સન્માન સમારંભ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરની એન.કે. સ્કૂલ ઓફ કોમર્સમાં તાજેતરમાં ધો-૧૧માં પ્રવેશતા ૧૪૦ વિદ્યાર્થીઓનો આવકાર સમારંભ અને ધો-૧૨ કોમર્સમાં કેન્દ્રમાં ૧ થી ૧૦માં નંબર લાવનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાઈ ગયો.

શાળાના આચાર્ય સાગરભાઈ દેસાઈ અને મુખ્ય મહેમાન મનસૂરી આઝાદે શાળામાં ધો-૧૧ કોમર્સમાં પ્રવેશતા વિદ્યાર્થીઓને સહૃદય આવકારી શાબ્દિક અભિવાદન કર્યું હતું તથા મોં મીઠું કરાવી પુષ્પ આપી શાળામાં વિદ્યાર્થીઓનું કંકુ ચોખાથી સ્વાગત કર્યું હતું.

શાળાના સ્વાગત સમારંભમાં દરેક વિદ્યાર્થીને આવકાર આપી શાળા પરીવારે ધો-૧૨ કોમર્સમાં ચાલુ વર્ષે કેન્દ્રમાં તથા શાળામાં પ્રથમ ૧૦મા નંબર લાવનાર વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. શાળાના ડાયરેક્ટર રાજેશ દરજી અને આસિફ મનસુરીએ આ પ્રસંગે ટોપ ટેન આવેલા વિદ્યાર્થીઓને તથા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને સહૃદય આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિમાદ્રીબેને કર્યું હતું.

તુટેલા ડિવાઈડરોને શોર્ટકટ બનાવી દેવાતા વાહન અકસ્માતો વધ્યા

શહેરના દરેક તુટેલા ડિવાઈડરો અને ફુટપાથ રીપેર કરવા સુચના આપી દેવાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં માર્ગ અકસ્માતો વધી જતાં પોલીસે અકસ્માતો સર્જાવા પાછળના મુખ્ય કારણો જાણવા તજવીજ કરી હતી. મોટા ભાગના અકસ્માતો તુટેલા ફુટપાથ અને ડિવાઈડરો નજીક બન્યા હોવાનું બહાર આવ્યું છે. જેને પરીણામે પોલીસે શહેરના તમામ તુટેલા ડિવાઈડરો અને ફુટપાથોને રીપેર કરવા માટેની દરખાસ્ત કરી હતી અને કાયદો અને વ્યવસ્થાની મળેલી બેઠકમાં આ મુદ્દાને પ્રાધાન્ય આપીને જિલ્લા કલેકટરે તાત્કાલિક અસરથી રીપેરીંગ કામ શરુ કરવા તંત્રને સુચના આપી દીધી હતી.

પાટનગરના મોટા ભાગના ડીવાઈડરો અને ફૂટપાથ તુટી જવા પામ્યા છે. આ તુટેલા ડિવાઈડરો હવે વાહનચાલકો માટે શોર્ટકટ રસ્તા બની જવા પામ્યા છે. તુટેલા ડીવાઈડરને શોર્ટકટ રસ્તા તરીકે ઉપયોગ કરતા વાહનચાલકો આકસ્મિક રસ્તા પર આવી ચઢતા હોવાથી મુખ્ય માર્ગ પરથી નીકળતા વાહનો સાથે સહજ રીતે અકસ્માત સર્જાઈ જાય છે. આ અકસ્માત ક્યારેક જીવલેણ પણ બની બેસે છે. પોલીસે છેલ્લા થોડા સમયમાં બનેલા માર્ગ અકસ્માતોની સમીક્ષા કરતાં તુટેલા ડીવાઈડર ફુટપાથ પાસે વધુ અકસ્માત સર્જાયા હોવાનું ધ્યાને આવતા આ બાબતને ગંભીરતાથી લઈને રીપેરીંગ કરાવવા દરખાસ્ત કરી છે. જિલ્લા કલેકટરની બેઠકમાં આ મુદ્દાને ગંભીરતાથી લઈ શહેરના દરેક તુટેલા ડીવાઈડરો અને ફૂટપાથ રીપેર કરવા કલેકટરે તંત્રને સુચના આપી દીધી છે.

ગોવા ખાતે ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક સંપન્ન થયા બાદ ગાંધીનગર ખાતે આજે પ્રદેશ ભાજપની કારોબારીની એક મહત્વની બેઠક મળી હતી. જેમાં પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુએ ગોવા કારોબારીના નિર્ણયો તેમજ ઉત્તરાખંડમાં વેરાયેલા વિનાશની વાત કરી ભાજપના કાર્યકરોને અસરગ્રસ્ત ગુજરાતી પરિવારો સાથેની સક્રિયતા વધારવા આહ્વાન કર્યું હતું. (તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં મહિલાઓ માટે કૃષિલક્ષી તાલીમ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખેતીવાડી ખાતા દ્વારા મહિલાઓ માટે ત્રિ દિવસીય કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમનું આયોજન ખાતા દ્વારા સેકટર-૧૫ ખાતે આવેલી નાયબ ખેતી નિયામકની કચેરી ખાતે કરાયું હતું. જેમાં જિલ્લાની ૬૩ મહિલાઓએ કૃષિ અને પશુપાલનને લગતી ઝીણવટપૂર્ણ માહિતી મેળવી હતી.

ગાંધીનગર આત્મા પ્રોજેકટ અન્વયે તેમજ ખેતીવાડી ખાતા દ્વારા જિલ્લાના ઉનાવાની ૧૭ મહિલા, રાંધેજા ગામની ૧૬, જાખોરા ગામની ૧૫, ધાનજ ગામની ૧૫ એમ પસંદગીની કુલ ૬૩ મહિલાઓને ખતી અને પશુપાલનની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ વર્ગની આકસ્મિક મુલાકાતે આજે દિલ્હીથી એ સ્ટેશન ઓફિસર આત્માના બલવિરસિંહ દ્વારા આવેલી બહેનોને જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા પાછળ આત્મા પ્રોજેકટના પ્રોજેકટ ડાયરેકટર કે.ટી. પટેલ તેમજ આત્માના મહેશભાઈ ઠાકર, જીગ્નેશભાઈ પટેલ અને અનિલભાઈપટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

સેકટર-૬-એમાં વરસાદી પાણી ભરાતા રહિશોમાં રોષ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૬માં આવેલી ભગવતી સોસાયટીના તમામ આંતરીક માર્ગો પર દર ચોમાસા દરમ્યાન નાનુ અમથુ ઝાપટુ પણ પડે તો પણ પાણી ભરાઈ જાય છે અને નીચાણવાળો વિસ્તાર હોવાથી પાણી ભરાઈ જતા રહીશોને દર ચોમાસામાં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આથી ત્રસ્ત રહીશો નગરપાલિકાતંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કરી સત્વરે તંત્ર દ્વારા યોગ્ય પગલા લઈ ભરાતા પાણી નિકાલ કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

શહેરના સેકટર-૬-એમાં આવેલ ભગવતી સોસાયટીમાં પ્લોટ નં. ૪૬૩/૨માં રહેતા વાસુદેવભાઈ બ્રહ્મભટ્ટના મકાન પાસે ચોમાસાની ઋતુમાં વરસાદ પડતા જ તળાવ જેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે છે. જેથી સોસાયટીના રહિશોને પણ પારાવાર મુસ્કેલી વેઠવી પડે છે. અને ઘુંટસમા પાણીમાંથી પસાર થઈને ચીજવસ્તુઓ લેવા જવુ પડે છે. નીચાણવાળા ભાગમાં સોસાયટી આવેલી હોવાથી પાણી ભરાઈ રહે છે. પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ પણ ખુબ વધી જાય છે. સોસાયટીના રહિશોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. મચ્છરોના ત્રાસથી લોકો બીમારીના સકંજામાં સપડાય છે. આ અંગે તંત્ર સમક્ષ અનેકવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં પણ તંત્રના અધિકારીઓ મૌન સેવી રહ્યા છે. ચોમાસાની ઋતુ હોવાથી પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા થાય તેમ સોસાયટીના રહિશો ઈચ્છી રહ્યા છે.

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની સામાન્ય સભા સંપન્ન

આંગણવાડીઓની ૨૬ કાર્યકર અને તેડાગર બહેનોનું ટિફિન આપી સન્માન

ગાંધીનગર, તા. ૨૫

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ ગાંધીનગરની ચતુર્થ વાર્ષિક સાધારણ સભા સૌરાષ્ટ્ર લેઉના પટેલ સમાજવાડી, સેકટર-૭માં યોજાઈ હતી. બેઠકમાં વૈધાનિક જરૂરી ઠરાવો અને આંગણવાડીઓની ૨૬ કાર્યકર અને તેડાગર બહેનોનું ટિફિન આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની ચોથી સામાન્ય સભામાં વરિષ્ઠોદ્વારા વૈધાનિક જરુરી ઠરાવો પસાર કરવામાં આવ્યા ખાસ તો અતિવંચિત ૧૬ જેટલી ૬૦થી ૮૦વર્ષની શ્રમજીવી મહિલાઓના પરિવારોને ઝૂંપડે બેઠે માસિક ખાદ્યાન્ન 'સીધુ' તેમજ અતિકુપોષિત ૮૫ જેટલા બાળકો ધાત્રી માતાઓને સાપ્તાહિક પૌષ્ટિક વાનગીઓ, સપ્તાહમાં બે વાર ટોનિક પીવડાવવાનો સેવાયજ્ઞ આગામી વર્ષે આવકની મર્યાદાઓ છતાં વધુ યોગદાનની અપેક્ષાએ ચાલુ રાખવાનો ઠરાવ થયો હતો. સભામાં વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, મહેસાણા, મડાણા (ગઢ)ના સભાસોના સાથ-સહકારના શુભેચ્છાના સંદેશાઓનું વાચંન કરાયું અને નિશ્વાર્થ ભાવે સ્વેચ્છાપૂર્વક આ યજ્ઞ કાર્યમાં, રોજબરોજ વિશેષ સેવા પ્રદાન કરનાર વરિષ્ઠ મહાનુભાવોનું રાજવૈદ્ય પંડ્યા લિખિત 'તંદુરસ્તી અને દિનચર્યા' તથા 'તંદુરસ્તી અને આહાર'ની પુસ્તિકાઓના પ્રદાનથી સન્માનવામાં આવ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ મોઢે પ્રાસંગિક પ્રવચન અને ઉપપ્રમુખ કુંવરજીભાઈ પટેલે ટ્રસ્ટની અન્ય સેવાકીય બાબતોને ઉજાગર કરી હતી.

આઈ.સી.ડી.એસ.ના કાર્યક્રમ અંતર્ગત ટ્રસ્ટે ૪૦ જેટલા કુપોષિત યલો ઝોન)ના બાળકોને સમાવી લીધાં છે. વાર્ષિક ૬૦,૦૦૦ રૂ. જેટલી રકમની નિયમિત રૂપે બાળકોને પથ્ય, ભાવતી જરૂરી પૌષ્ટિક તત્વો ધરાવતી, વિવિધ વાનગીઓ પીરસી છે. સાથે સાથે સપ્તાહમાં બે વાર અમૂલ દૂધ અને પ્રોટીન્યુલસ પાવડરનું ટોનિક પણ આપવામાં આવે છે. સંસ્થા દ્વારા બાળકોને કપડાં (ગણવેશ), ચડ્ડીઓ, ફ્રોક અપાયા છે. સખી ગૃહસ્થા દ્વારા ખાસ વાગનીઓ જેવી કે સુખડી, લાડુ, તલ સાંકળી જેવા પૌષ્ટિક આહાર પીરસવામાં આવ્યા છે. ૮૦ થી ૧૦૦ વ્યકિતઓની રસોઈ સારી રીતે બનાવી સમયસર આપી શકાય તે માટે એક પ્રેશર કૂકર રસોઈ બનાવનાર શ્રમજીવી બહેનોને ભેટ અપાયું છે. જરૂરીયાત મંદોને પગરખા અપાયા છે. ત્યકતા, વિધવા, અકાળે વૃદ્ધ થયેલી મહિલાઓના પરિવારોને સીધુ સામગ્રી પહોંચાડાય છે એમ પ્રમુખ દ્વારા જણાવાયું છે.

નિવૃત્ત આઈ.એસ.એસ. બિપીનચંદ્ર વૈષ્ણવે રૂ. ૨,૬૦,૦૦૦ના સેવાકાર્યોમાં થયેલ વહીવટી ખર્ચ ૫.૫ ટકાની મર્યાદાની સરાહના કરી હતી. સભાનું સફળ સંચાલન ભરતભાઈ કવિએ કર્યું હતું અને ટ્રસ્ટના સેવા કાર્યોને ઉત્તરોત્તર સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવી હતી.



(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

દહેગામ શહેરના એક ઘરમાં આજે અચાનક જ અજગર જેવુ દેખાતુ ચેથડો નામના વિચિત્ર સરીશૃપ જીવ દેખાતા ભારે ચકચાર મચી જવા પામી હતી. દહેગામ શહેરમાં આવેલ અનુરાધા સોસાયટી વિભાગ-૩માં આવેલ મકાન નં. ૮માં રહેતા કેતનભાઈ ભોગીલાલ કડીયાના મકાનનો પાછળનો દરવાજો તેમની પત્ની ખોલવા જતા તેમના ડાબા હાથે ચેથડાનું બચ્ચુ પડ્યું હતું. આથી મહિલા ગભરાઈ ગઈ હતી અને તુરંત જ પતિને જાણ કરતા કેતનભાઈએ અમદાવાદ સ્થિત પ્રાણી સંગ્રાહલયમાં જાણ કરતા અધિકારીઓ ચેથડાના બચ્ચાને અમદાવાદ પ્રાણી સંગ્રાહલય ખાતે લઈ ગયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૫

તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વર્લ્ડ વર્ઝ ડી (હિન્દી) : ૯.૪૫, ૫.૩૦, ૧૦.૩૦
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી): ૨.૪૫
શોર્ટ કટ રોમિયો : ૧૨.૦૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંજહના : ૯.૦૦
ફુકરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરી : ૧૦.૩૦
યે જવાની હૈ દિવાની : ૧.૦૦, ૬.૩૦, ૯.૪૫
ફસ્ટ એન્ડ ફુરીયસ : ૪.૦૦

સૂર્યા, વાવોલ

ચિત્તા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
એનીમી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાંઝણા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ઈનેમી: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
શોર્ટ કટ રોમીઓ : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
શોર્ટ કટ રોમીઓ : ૧૦.૪૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
ઈનીમી : ૧.૩૦

ચિરાગ, કલોલ

રાંઝણા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નામક નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

વૃષભ : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

મિથુન : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

સિંહ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

- સ્વ. નિર્મલાબેન પુરસોત્તમદાસ ગજ્જર (ઉ.વ.૬૯) બી- ૧૩/૫૧૪, ત્રિ-મંદિર, મુ.પો અડાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.અંતરબેન કાળુસિંહ બિહોલા (ઉ.વ. ૪૮) મુ.પો પાલજ, તા., જિ. ગાંધીનગર.